## પ્રાંતિજ-તલોદમાંથી ૩૬ મી નેશનલ ગેમ્સ ના ઉદ્દઘાટન પ્રસંગે વિધાર્થીઓ સાથે ૪૬ બસો રવાના કરાઈ



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ-તલોદ માંથી ૩૬ મી નેશનલ ગેમ્સ ના ઉદ્દઘાટન ને લઈ ને કુલ-૪૬ બસો વિધાર્થીઓને લઈ ને નિકળી સાસંદ દ્વારા લીલીઝંડી આપી રવાના કરી. અમદાવાદ ખાતે આવેલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૬ મા રાષ્ટ્રીય ખેલ નેશનલ ગેમ્સ નો ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાવાનો છે જેને લઈ ને પ્રાંતિજ-તલોદ માંથી કોલેજ સહિત ના વિધાર્થીઓને કાર્યક્રમ મા હાજર રહેવા માટે પ્રાંતિજ-તલોદ માંથી કૂલ-૪૬ બસો રવાના થઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકામાથી ૨૨ બસો અને તલોદ સહિત તાલુકા માથી ૨૪ બસો જેમા એક બસમા અંદાજીત ડ્રાઈવર-કંડકટર, એક તલાટી, એક સુપરવાઈઝર, એક પોલીસ કર્મી સહિત એક બસમા સરેરાશ ૪૫ વિધાર્થીઓ-કુલ - ૨૦૭૦ જેટલા વિદ્યાર્થીઓની સાથે બસોને અમદાવાદ ખાતે આવેલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે અરવલ્લી-સાબરકાંઠા સાસંદ દિપસિંહ રાઠોડ , તલોદ-પ્રાંતિજ પ્રાંન્ત અધિકારી એમ.એન.ડોડીયા , પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ , કોલેજ ના પ્રિન્સિપાલ ડાં.કામેશ્વર પ્રસાદ દ્વારા લીલીઝંડી આપીને પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રવાના કરાઈ હતી તો આ પ્રસંગે નાયબ મામલતદાર દિગ્વિજયસિંહ, સર્કલ અધિકારી પુરોહિત ભરતભાઈ, ર્ડા કાન્તીભાઈ પ્રજાપતિ, સુરેશ ભાઈ પટેલ, રાવલીયા સહિત કોલેજ સ્ટાફ તથા કર્મચારી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## અરવલ્લી : સરકારી અનાજની દુકાનોના સંચાલકો દ્વારા ૨ ઓકટોબરથી હડતાળની ચિમકી



ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ડાકલા વાગી રહ્યા છે ત્યારે રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી વિવિધ પ્રશ્નોને લઈ આંદોલનોની વણઝાર જોવા મળી રહી છે ત્યારે બે વર્ષથી પડતર પ્રશ્નોનો નિકાલ ન આવતા સરકારી અનાજ વિતરણની દુકાનોના સંચાલકો દ્વારા આગામી તા. ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.રાજ્યમાં ચાલતાં આંદોલન ઠારવામાં સરકારને નાકે દમ આવી ગયો છે આગામી ચૂંટણીમાં સરકારી અને બિન સરકારી કર્મચારીઓના આંદોલન ભાજપ માટે મુશ્કેલી ઉભી કરે તેવી ભીતિ સેવાઈ રહી છે. એક બાજુ તહેવારોની સીઝન ચાલુ થઈ છે બીજીબાજુ ફેર પ્રાઈઝ એસોસિએશનએ હડતાલની ચીમકી ઉચ્ચારતા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો ચિંતિત બન્યા છે અરવલ્લી જિલ્લાની ૩૯૬ જેટલી સરકારી અનાજ વિતરણની દુકાનોના સંચાલકો આગામી ૨ ઓક્ટોબરથી આ હડતાળમાં જોડાશે.આ હડતાળને પગલે સરકારી અનાજ ઉપર નભતા પરિવારો ઉપર ગંભીર અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. મોડાસા તાલુકા સહીત જીલ્લા ફેર પ્રાઈઝ એસોસિએશને મામલતદારને આવેદન પત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

## મહેંદી તો વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે...મહેંદી રંગ લાગ્યો....!!!



મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લો નવરાત્રી મહોત્સવના રંગે રંગાયો છે નવરાત્રી પર્વના ત્રીજા નોરતામાં નવરાત્રી મેદાનોમાં ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા રાસગરબાની રમઝટ જામી હતી.મહેંદી તો વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે.... મહેંદી રંગ લાગ્યો...! જેવા પ્રાચીન ગરબા તાલે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા

## ધાનેરાની સૂર્યોદય કોલેજ ખાતે નવરાત્રી પર્વની ઉજવણી: વિદ્યાર્થી ભાઈ બહેનો મન મૂકીને ગરબે ઘૂમ્યા





અત્યારે નવરાત્રી મહોત્સવ ચાલી રહ્યો છે ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમી રહ્યા છે. ત્યારે સરકારી સંસ્થાઓ તેમજ શાળા કોલેજોમાં પણ નવરાત્રી મહોત્સવ ની ધામ ધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. ત્યારે આજે ધાનેરા નેનાવા રોડ પર આવેલી સૂર્યોદય કોલેજમાં પણ નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી ભાઈ બહેનો મન મૂકીને ગરબે ઘુમ્યા હતા અને માતાજીની આરાધના કરી હતી. નવરાત્રી મહોત્સવ દરમિયાન માતાજીના ચાચર ચોક સહિત અનેક જગ્યા પર ગરબા યોજાય છે. અને આજે ધાનેરાની સૂર્યોદય કોલેજ ખાતે પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થી ભાઈ બહેનો મન મૂકીને ગરબે ઘુમ્યા હતા.

### વાદલડી વરસી રે સરોવર છલી વળ્યા

# જિલ્લામાં ખેલૈયાઓના ઉત્સાહ વચ્ચે ત્રીજું નોરતું સંપન્ન

## અનેક નવરાત્રિ સ્થળોએ હૈયે હૈયુ દળાય તેટલી ભીડ દેખાઈ





બાયડ (બ્યુરો ઓફીસ), તા. ૨૯

શક્તિ આરાધનાના પર્વ નવરાત્રિનો આસ્થા-ઉમંગ સાથે પ્રારંભ થયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ત્રીજા નોરતે મોટભાગના નવરાત્રિ સ્થળોએ હૈયે હૈયુ દળાય તેટલી ભીડ અને ખેલૈયાઓની વધુ હાજરીથી નવરાત્રિ સ્થળો ટૂંકાં પડ્યાં હતાં. વાદલડી વરસી રે સરોવર છલી વળ્યા, તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે.ના તાલ સાથે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમતા જોવા મળ્યા.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા ૩ દિવસથી જિલ્લામાં સમી સાંજ ઢળતાં જ દિવસ ઉગ્યો હોય તે રીતે રોશનીના ઝગારાથી નવરાત્રિ સ્થળો અને માર્ગો દેદિપ્યમાન બન્યા છે. બાયડ થી પોશીના સુધીના વિસ્તારોમાં માં



અંબાની આરતી પછી રાસ-ગરબાની રમઝટ જામી છે. આ વર્ષે પાર્ટી પ્લોટ તેમજ ખાનગી જગ્યાઓમાં નવરાત્રિના આયોજનથી અન્ય નવરાત્રિ સ્થળોએ તેની અસર જોવા મળી છે. વરસાદ વરસવાની આગાહી વચ્ચે છેલ્લા ૩ દિવસ દરમ્યાન વરસાદ ન વરસતાં ખેલૈયાઓ અને આયોજકોએ રાહતનો દમ લીધો છે. મંગળવાર સમી સાંજથી રાત્રિ દરમ્યાન અનેક નવરાત્રિ સ્થળોએ ખેલૈયાઓએ ગાયક વૃન્દોના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. કેટલાક નવરાત્રિ સ્થળો ખેલૈયાઓનો ટ્રેડીશનલ ડ્રેસથી દિપી ઉઠ્યા હતા. નવરાત્રિ સ્થળો આસપાસ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત જોવા મળી રહ્યો છે.

## જિલ્લાની ૭ વિધાનસભા બેઠકોની ૧૦ ઓક્ટોબરે મતદાર યાદી જાહેર થશે

### ગુનાહીત ભૂતકાળ ધરાવતા ઉમેદવારો ખુલ્લા પડશે

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૯

રાજ્યમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. આવતા મહિને ગમે ત્યારે ચૂંટણીની તારીખો જાહેર થઈ શકે છે ત્યારે ચૂંટણીપંચ દ્વારા પણ તમામ તૈયારીઓ આખરી ગીયરમાં મૂકવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકોની ૧૦ ઓક્ટોબરે મતદાર યાદી જાહેર થશે અને ગુનાહીત ભૂતકાળ ધરાવતા ઉમેદવારોની પણ ચૂંટણી આયોગ દ્વારા જાહેરાત કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આગામી વિધાનસભા ચૂંટણીમાં લાયકાત ધરાવતા એકપણ વ્યક્તિ મતદાનથી વંચિત ન રહી જાય તેની ચીવટ રાખી તા.૧-૧૦-૨૦૨૨ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂરા કર્યા હોય તેવા તમામ લોકોને મતાધિકાર આપવાની કામગીરી હવે આખરી તબક્કામાં પહોંચી છે. ૧૨ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ ગુજરાત વિધાનસભાની મુદત પૂરી થવાની છે તે પહેલાં કોઈપણ સંજોગોમાં ચૂંટણી યોજવી અનિવાર્ય બની છે. ત્યારે દિવાળી પછી તૂરત જ ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ચૂંટણી જંગ જામી શકે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ચૂંટણી શાખા દ્વારા હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, ભિલોડા, મોડાસા, બાયડ અને પ્રાંતિજ મળી કુલ-૭ વિધાનસભા બેઠકો માટે ૧૦ ઓક્ટોબરે આખરી મતદાર યાદી જાહેર થવાની છે જેમાં નવા યુવા મતદારો રાજકીય પક્ષો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. જિલ્લામાં પ્રથમવાર તમામ ૭ વિધાનસભા બેઠકો ઉપર ત્રિ-પાંખિયો જંગ નિશ્ચિત બનવાનો છે. ભાજપ-કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટીની એન્ટ્રીથી હવે મુખ્ય રાજકીય પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સૌથી વધુ મતદાન યોજાય. નિષ્કપ અને ન્યાયિક ચૂંટણી માટે પણ નોડલ અધિકારીઓની નિયુક્તિ કરી કામગીરી સોંપવામાં આવી છે. ચૂંટણીપંચ છેલ્લા ૨ દિવસથી ગુજરાતના પ્રવાસે છે જેથી છેલ્લી ઘડીએ અપાયેલી સૂચનાઓનો પણ ત્વરીત અમલ થઈ શકે છે. જિલ્લાની ૭ વિધાનસભા બેઠકના ૧૧૦૦ થી વધુ મતદાન મથકોમાં વેબકાસ્ટીંગ કરવામાં આવી શકે છે. જ્યારે ગુનાહીત ભૂતકાળ ધરાવતા ઉમેદવારોની પણ વિગતો જાહેર થશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## પ્રાંતિજ શાંતિનાથ સોસાયટી ખાતે ત્રીજા નોરતે રંગ જામ્યો

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ



શાન્તીનાથ સોસાયટી ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષે પણ નવલી નવરાત્રી ની શ્રધ્ધા ઉમંગ ભેર ઉજવણી કરવામા આવી રહી છે. પ્રાંતિજ સહિત તાલુકા મા જગત જનની માં જગદંબા નુ આરાધના પર્વ નવલી નવરાત્રી ની શ્રધ્ધા અને ઉમંગ ભેર ઉજવાઈ રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે ત્રીજા નોરતે રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ શાન્તીનાથ સોસાયટી ખાતે પણ નવરાત્રી ની દરવર્ષ ની જેમ આ વર્ષેપણ ઉજશણી કરવામા આવી રહી છે ત્યારે સોસાયટી મા રહેતા સુરેશભાઈ પટેલ તથા તેમના ધર્મ પત્ની ભગવતી બેન પટેલ દ્વારા મા જગદંબા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી તો સોસાયટીના રહીશો દ્વારા ત્રીજા નોરતે ગરબે ધુમતા નજરે પડયા હતા અને ખેલૈયાઓ મન મુકી ને ગરબા ચોક મા ગરબે ધુમી મા ની આરાધના મા જોડાયા હતા.

## વડાપ્રધાનને આવકારવા યાત્રાધામ અંબાજીએ નવા કલેવર ધારણ કર્યા

ડીસા, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ



મોદી આવતીકાલ તા. ૩૦ સપ્ટેમ્બર, શુક્રવારના રોજ બનાસકાંઠા જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પધારી વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવાના છે ત્યારે વડાપ્રધાનને આવકારવા યાત્રાધામ અંબાજીએ નવા કલેવર ધારણ કર્યા છે. અંબાજી શક્તિપીઠ સર્કલથી ગબ્બર મહાઆરતીમાં જવાના રસ્તા પર રંગબેરંગી રોશનીથી અદભૂત નજારો સર્જાયો છે. હાલ આદ્યશક્તિ મા અંબાની આરાધનાનું નવરાત્રિ પર્વ ચાલી રહ્યું છે ત્યારે શક્તિના ઉપાસક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મા અંબાના દર્શન પણ કરવાના છે. મા અંબાના દર્શન કરી વડાપ્રધાન ગબ્બર પર્વત ખાતે યોજાનાર મહાઆરતીમાં ભાગ લેવાના છે ત્યારે અંબાજીમાં ઉજવણીનો માહોલ સર્જાયો છે. અંબાજી ગબ્બર રોડ પર શિલ્પોત્સવ દરમ્યાન સાપ્તિના શિલ્પકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ કલાત્મક શિલ્પો ગોઠવીને સુંદર રોશનીની સજાવટથી અંબાજીની વનરાજી પણ નયનરમ્ય બની છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રોશનીથી સજાવવામાં આવ્યું છે.



### ગરમી વધતાં ખેડૂતો ચિંતિત

## જિલ્લામાં ખરીફ પાકને બચાવવા ખેડૂતોએ ફુંવારા સિંચાઈનો ઉપયોગ શરુ કર્યો

### તાપમાનનો પારો ૩૩ થી ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૯

જિલ્લામાં નવરાત્રિ શરુ થઈ છે ત્યારે દિવસ દરમ્યાન ગરમી અને બફારો વધતાં ખરીફ પાક ઉપર ગરમીના કારણે સંકટ મંડરાયું છે જેના કારણે જિલ્લાના કેટલાક ખેડૂતોએ પાકને બચાવવા માટે ફૂવારા સિંચાઈનો ઉપયોગ શરુ કર્યો છે. જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી તાપમાનનો પારો અધિમ ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મોસમનો સરેરાશ ૧૧૫ ટકાથી વધુ વરસાદ વરસ્યો પરંતુ બફારો અને ગરમી ખેડૂતોનો પીછો છોડતી નથી. ચોમાસાની વિધિવત વિદાય હવામાન વિભાગે જાહેર કરી નથી ત્યાં તળાવો અને ચેકડેમમાંથી પાણી ઓસરવા લાગ્યાના અહેવાલ છે. ધીમા પગલે ઠંડીનો ચમકારો સવારે અનુભવાય છે પરંતુ બપોર થતાં આકરા ઉનાળા જેવી ગરમી અનુભવાતાં જે ખેડૂતોએ જુલાઈ મહિનાના મધ્યાંતરમાં ખરીફ પાકનું વાવેતર કર્યું હતું તેવા ખેડૂતોની મુશ્કેલી વધી છે. ગરમી પ્રકોપ વધતાં મગફળી અને કપાસના પાકમાં સૂકારાનો રોગ હાવિ થયો છે. આ સંજોગોમાં વરસાદનો એક રાઉન્ડ ન વરસે તો ખેડૂતોના તમામ ગણિત ઉંધા વળી શકે છે. છેલ્લા ૨ દિવસથી તાપમાનનો પારો ફરી એકવાર ૩૩ થી ૩૪ ડિગ્રીને આબતાં ખેડૂતો હવે પાકને બચાવવા માટે સિંચાઈનાં પાણી મૂક્યા સિવાય કોઈ વિકલ્પ ન બચતાં ફુંવારા સિંચાઈનો ઉપયોગ કરતા જોવા મળી રહ્યા છે. દિવસ દરમ્યાન અનેક ખેતરોમાં ફુંવારા સતત ધમધમતા હોવાનું જોવા મળી રહ્યું છે. ખેડૂતોએ જણાવ્યું કે અસહ્ય ગરમીના કારણે જમીનમાં ભેજ અદ્રશ્ય થઈ રહ્યો જેથી મગફળી, કપાસમાં સુકારાનો રોગ વધુ વકર્યો છે અને તે માટે એકમાત્ર સિંચાઈ વિકલ્પ બચ્યો હોવાથી અમે છેલ્લા ૨ દિવસથી સિંચાઈના પાણી મૂકવાનું શરુ કર્યું છે.

### ચ અને ખ માર્ગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવ્યુ નથી. જયારે ખ માર્ગ ઉપર પણ અમુક ભાગમાં રીસરફેસીંગ અનિવાર્ય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આગામી મહીનામાં લાંબા સમયથી બાકી રહેતા કામો હાથ ધરવામાં આવશે. શહેરમાં રીંગ રોડના વાઈડનીગં સહીત સેકટરોના એપ્રોચ કામને અનુલક્ષીને પણ કોર્પોરેશન કક્ષાએથી કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે તેમાં વિલંબ થતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. જયારે ગ માર્ગનુ કામ પણ લાંબા સમયથી પુરુ થયુ નથી. શહેરના મુખ્યમાર્ગોનુ પણ ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે. શહેરમાં માર્ગોની સુધારણા પાછળ પણ વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરીના લીધે આ વર્ષે માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ વિલંબ થયો છે. સે-૧૦ અને ૧૧ ના આંતરિક માર્ગાને અનુલક્ષીને પણ ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે. જયારે મુખ્ય ઘ માર્ગ સહીત ચ અને ખ માર્ગનુ પણ ટુંકમાં કામ હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

### ૧૨૦ દિવસમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટાભાગના દર્દીઓમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળ્યા હોવાથી હોમ આઈસોલેશનમાં સારવાર લેવાનો વિકલ્પ લોકોએ વધુ પસંદ કર્યો છે.

શહેરમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળ્યા છે. આ વખતે શહેરમાં છેલ્લા બે મહિના દરમ્યાન સ્વાઈન ફ્લુના પણ ૧૦૦ જેટલા કેસો સામે આવ્યા છે. તેથી તંત્રની દોડધામ વધી જરૂર છે. રિકવરી રેટ ૯૬ ટકાને પાર થયો હોવાથી તંત્રને રાહત જરૂર છે. શહેરમાં કોરોના અને સ્વાઈન ફ્લુના કેસો વચ્ચે વાહકજન્ય રોગચાળાએ પણ દેખા દીધી હોવાથી તંત્રની ચિંતાઓમાં વધારો જરૂર થયો છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના ટેસ્ટ માટે ખાનગી લેબોરેટરી પર આધાર રાખવો પડે છે. સિવિલ હોસ્પિટલ કે સરકારી દવાખાનાઓમાં આનો ટેસ્ટ કરવામાં આવતો નથી.

### નર્મદાનું પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નર્મદાના પાણી માટે ચાર્જ વસુલવામાં આવતો હોવાથી કેટલાક ગામો દ્વારા આ અંગે વિરોધ નોંધાવ્યો છે અને પાણી લેવાનો ઈન્કાર કરી રહ્યા છે. સરકારે આ બાબતને ગંભીરતાથી લીધી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના ઘણા બધા ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક સોર્સથી પાણી મેળવવામાં આવી રહ્યુ હોવાથી ભૂગર્ભ જળના સ્તર નીચે જઈ રહ્યા છે અને પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

ખાસ કરીને ડાર્કઝોનમાં આવેલા જિલ્લાઓમાં ભૂગર્ભ જળની સ્થિતિ વધુ કથળી છે તેથી ગ્રામ્ય વિસ્તારોમાં નર્મદાનું પાણી વધારે જાય તે માટે સરકાર હવે આગ્રહી બની છે.

### ડ્રો કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંડળ દ્વારા ડ્રોની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આગામી તા ૩ ઓકટોબરના રોજ યોજવામાં આવનાર ડ્રો અન્વયે ૨૭૭૪ અરજીઓને માન્ય રાખવામાં આવી છે. જયારે આ અન્વયે કુલ ૪૦૧ મકાનોનો ડ્રો કરવામાં આવશે. જેમાં સરગાસણમાં ૨૧૫, સરગાસણની ટી પી ૧૩ માં ૬૬, વાવોલમાં ૯૯ , પેથાપુરમાં ૨૧ એમ કુલ મળીને ૪૦૧ જેટલા આવાસોનો ડ્રો કરવામાં આવશે. ગુડા દ્વારા ઓછી અને મધ્યમ આવક ધરાવતા પરિવારો માટે તબક્કાવાર નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આ આવાસોના નિર્માણ બાદ ડ્રોની પ્રક્રીયાના અંતે રીઝર્વ કેટેગરીમાં અરજીઓ ઓછી મળી હોય તેવા કિસ્સામાં આવાસોનો ડ્રો કરવામાં આવશે. જેના અંતે ૪૦૧ અરજદારોને આવાસોનો લાભ મળશે.

### બંગલા બાંધવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાંખવામાં આવ્યા બાદ હવે આ ઠેકાણે ક અને ખ પ્રકારના બંગલા બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. સેકટરમાં ક ક્ષાના ૧૩ અને ખ કક્ષાના ૮ બંગલા છે. જયારે બંગલા ઓછો હોવાના લીધે ફાળવણીમાં પણ મુશ્કેલી થાય છે. શહેરના સેકટરોમાં આમ પણ રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી. જેમાં જુના અને જોખમી મકાનોની સંખ્યા પણ વિશેષ છે. એકબાજુ રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઓછી હોવાના લીધે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. હાલની સ્થિતિએ પણ સરકારી આવાસોના મામલે અંદાજિત ૪ હજારથી વધુનુ વેઈટીંગ છે. કર્મચારીઓ તેમજ તેમના પરિવારના રહેણાંક માટે આવાસો ઉપલબ્ધ નથી. હાલ સે-૯ , સે-૧૯ અને સે૨૦ માં ક અને ખ પ્રકારના બંગલા છે. પરંતુ હજુ પણ સેકટરોમાં અધિકારીઓના વસવાટ માટે બંગલા નથી. સેકટરોમાં જુના આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે તબક્કવાર આયોજન કરવામાં આવી રહ્ય છે. જયારે હજુ પણ નવા ટાવર ઉભા કરવામાં આવનાર છે. નવા મકાનો બાંધવા માટે પણ આગામી દિવસોમાં સ્થળ પસંદગી કરવામાં આવશે. ત્યારે અધિકારીઓ માટે પણ બંગલાની ઘટ છે. જેને અનુલક્ષીને પણ આગામી દિવસોમાં આયોજન કરવામાં આવશે.